## Subject Code : ASM-1

## વિષયકોડ-1 ગુજરાતી (માધ્યમ – ગુજરાતી) (મુખ્ય પરીક્ષા)

ગુણ : ૧૫૦ સમય : 3 કલાક

### પ્રશ્નપત્ર

પ્રશ્ન-1. નીચે આપેલ પાંચ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ 300 શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો.

(1) બેંકોના વિલીનીકરણ - લાભાલાભ
(2) આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયાનું મૂલ્ય વધારવા માટે જરૂરી પગલાંઓ
(3) 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક:, ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુત:'
(4) ડિજિટલ ઇકોનોમી – પ્રશ્નો અને પડકારો
(5) ગુજરાતનો આર્થિક ઇતિહાસ – પ્રમુખ સ્થિત્યંતરો

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20 |
|---|---|
| | |

પ્રશ્ન-2. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે પંક્તિઓનો આશરે ૧૦૦થી ૧૫૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૦૫ ગુણ x ૦૨ પંક્તિઓ)

૨.૧ 'જે વેપાર માત્ર આર્થિક નફો મેળવે છે તે વેપાર ગરીબીને વરેલો રહે છે'. – હેન્રી ફોર્ડ

૨.૨ 'વીજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઈ, અચાનક અંધારા થાશે જી...' – ગંગાસતી

૨.૩ 'જ્યારે દીવો ના ધરે કોઈ, ઓ રે ઓ રે ઓ અભાગી! દીવો ના ધરે કોઈ,
જ્યારે ઘનઘોરી તૂફાની રાતે બારવાસે તને જોઈ; ત્યારે આભની વીજે
તું સળગી જઈ સૌનો દીવો એકલો થાને રે!' – રવીન્દ્રનાથ ટાગોર (અનુ. મહેન્દ્ર મેઘાણી)

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન-3. નીચે આપેલ ગદ્યખંડનો (૨૩૨ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/3 ભાગમાં સંક્ષેપ કરો.

અનુભવસૃષ્ટિ મર્યાદિત હતી ત્યાં સુધી જેટલી નજર પહોંચે એટલું જ સામગ્રી રૂપે મળતું. પછી અભાવગ્રસ્ત સમુદાય વચ્ચેની સઘન પ્રવૃત્તિએ મને અચાનક દુનિયા બહારની દુનિયામાં તાણી લીધી. જીવનનાં આ ભયાવહ અને કુત્સિત રૂપોનો મને આવો પરિચય નહોતો. સલામત અને ચીલાચાલુ સમાજજીવનને પડકારતી આ અંધારઘેરી જીવનરીતિએ મને હચમચાવી. વાસ્તવ સાથેની સીધી અને ગાઢ સંડોવણીએ મને પલટી નાખી. આ સ્થિતિનો પ્રભાવ એવો મોટો કે અનાયાસે એ વાર્તાસર્જનનું નિમિત્ત બની ગયો..

જીવનસંપર્ક કે વાસ્તવિક અનુભવો સર્જનમાં પડઘાવા જોઈએ એવો આગ્રહ હું નથી સેવતી. કેટલીક જલદ વાસ્તવિકતા પરત્વે સર્જકની અકળ લાપરવાહી સમજાતી નથી એ સાચું, પણ ત્યારે એનો અગ્રતાક્રમ અલગ હશે, અથવા તો એને માટે યોગ્ય અભિવ્યક્તિ નહીં મળતી હોય, એમ શંકાનો લાભ આપી એ મુદ્દા અંગે નિરર્થક વિચારણા જતી કરું છું. આમ છતાં મારો પક્ષપાત પેલા મરજીવાઓ માટે, જે રાજસત્તા કે ધર્મસત્તાની સોડ છોડીને પોતાના અવાજને નરવો અને સ્વતંત્ર રાખવા મથે. 'વાહ-વાહ'નો માર્ગ લપસણો છે. જેટલી સાવધાની રાખીએ તેટલી ઓછી. મારા કાર્યક્ષેત્રમાંથી સાંપડેલી સામગ્રીને કલાઘાટ આપવાની મથામણમાં શુધ્ધ કલાસાધકો મને પ્રતિબધ્ધ ગણી બાજુએ મૂકશે, અને એમાં મુખરતા સૂંઘીને એ સર્જનને ઓછું આંકશે, એ સંભાવના હતી જ. સામે પક્ષે જો સાહિત્ય દ્વારા વ્યક્ત થવું હોય તો એની શરતો પાળવી રહી એમ મારીયે પાકી કેળવણી. ધબકારા ચૂકી જવાય એવા તીવ્ર વળાંકો અંગત જીવનમાં આવ્યા છે. સામાજિક વાસ્તવના આ ડરામણા ખૂણાઓમાં ભમવાનું થયું છે. જીવનના આ દાહક અને વિસ્ફોટક વાસ્તવને શબ્દમાં પ્રતિબિંબિત કરતી વખતે હું ક્યારેક ઊણી ઊતરી છું, અને ભાષા સાથે કામ લેતી વેળાએ કદીક પાછી પડી છું.

– હિમાંશી શેલત

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન-4. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ **x** ૫ પ્રશ્નો)

*

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

કોઈ એક નગરમાં શુદ્ધપટ નામે ધોબી રહેતો હતો. તેની પાસે એક ગધેડો હતો. ઘાસ નહિ મળવાથી તે અતિ દુર્બળ થઈ ગયો હતો. પછી તે ધોબીને ક્યાંકથી વ્યાઘ્રચર્મ મળ્યું. પછી તેણે વિચાર્યું, 'અહો! આ સારું થયું. આ ચામડું પહેરાવીને ગધેડાને રાત્રે ખેતરોમાં છોડી મૂકીશ, જેથી તેને વાઘ માનીને રખવાળો ખેતરની બહાર નહિ કાઢે'. એમ કર્યા પછી ગધેડો રાત્રે (ખેતરોમાં) ઇચ્છાનુસાર ખડ ખાતો હતો. થોડી રાત બાકી રહે એટલે ધોબી પાછો તેને પોતાને ઘેર લઈ જતો હતો. એ પ્રમાણે સમય જતાં તે ગધેડો પુષ્ટ શરીરવાળો થયો. એને બાંધવા લઈ જતાં પણ ઘણી મહેનત પડતી હતી. પછી મદથી ઉદ્ધત એવો તે એક દિવસે દૂરથી ગધેડીનો શબ્દ સાંભળીને ઊંચે સ્વરે ભૂંકવા લાગ્યો. એટલે 'આ તો વાઘના ચામડામાં છુપાયેલો ગધેડો છે' એમ જાણીને તે ખેતરના રખવાળોએ લાકડી, પથ્થર અને બાણના પ્રહારોથી તેને મારી નાખ્યો.

- પંચતંત્ર (સં. ભોગીલાલ સાંડેસરા)

પ્રશ્નો

*

૪.૧ તમને આ વાર્તામાં ધોબીનો ગધેડા સાથેનો વ્યવહાર કેવો જણાયો?

૪.૨ ગધેડાના સ્વાસ્થ્ય માટે તમે કયાં કયાં પરિબળોને જવાબદાર ગણશો?

૪.3 ખેતરોના રખવાળો શા માટે છેતરાઈ ગયા?

૪.૪ 'ઘાસ ખાતો વાઘ' – વાર્તાના આ દૃશ્યનું તમે કઈ રીતે અર્થઘટન કરશો?

૪.૫ આ વાર્તા તમારામાં કેવા વિચારોને પ્રેરે છે?

પ્રશ્ન-5. ભારતીય રિઝર્વ બેંકના ગવર્નરશ્રી 'દીનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત વ્યાજ સહાય યોજના' અંગે જાહેરાત કરવાના છે. આ અંગેની વિસ્તૃત માહિતી આપતું એમનું ઔપચારિક ભાષણ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-6. (આશરે ૧૫૦ શબ્દો)

ગુજરાતના સ્થાપના દિને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ગુજરાતના યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે 'યુવા સ્વાવલંબન યોજના'ની ઘોષણા કરવાના છે. આ અંગેનું એમનું સંપૂર્ણ વિગતો આપતું પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો.

પ્રશ્ન-7. (આશરે ૧૫૦ શબ્દો)

તમારા માટે માર્ગદર્શક સાબિત થયું હોય એવા પુસ્તકનો પરિચય અને મહત્ત્વ સમજાવતો પત્ર તમારા મિત્રને સંબોધીને લખો.

પ્રશ્ન-8. (આશરે ૧૫૦ શબ્દો)

'કોવિડ ૧૯'ની મહામારી પછી ગુજરાતમાં અનેક પરિવારો નિરાધાર થયા છે. આ પરિવારોના પુન:સ્થાપન અને ઉત્કર્ષ માટે સરકારશ્રી કયાં પગલાં લઈ શકે એ અંગે તમારાં મંતવ્યો રજૂ કરતું ચર્ચાપત્ર 'ક ખ ગ' વર્તમાનપત્રના તંત્રીને સંબોધીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-9. (આશરે ૧૫૦ શબ્દો)

નીચે આપેલ આલેખ વિશે તમારાં નિરીક્ષણો નોંધો.




પ્રશ્ન-10. (આશરે ૧૫૦ શબ્દો)

તમે અને તમારા મિત્રોએ ભારતીય સંગ્રહાલયની મુલાકાત લીધી. આ સંગ્રહાલયમાં આવેલ 'સિક્કા દીર્ઘા' (Coin Gallery)ના અવશેષોથી તમે ઘણા પ્રભાવિત થયા. આ દીર્ઘા વિશે માહિતી આપતો અહેવાલ લખો.

પ્રશ્ન-11. (આશરે ૧૫૦ શબ્દો)

'નાણાં જ જીવનમાં સર્વોપરી છે'. – આ વિષયબીજ પર 'ત થ દ' શાળામાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી 'અ' વિષયબીજની તરફેણમાં રજૂઆત કરશે. વિદ્યાર્થી 'બ' વિષયબીજના વિરોધમાં બોલશે. આ બંને રજૂઆતોના મુદ્દાઓને આધારે શાળાના ભીંતપત્રમાં પ્રકાશિત કરવા માટેનો સંવાદ તૈયાર કરો.

પ્રશ્ન-12. આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

**The book Nudge is based on two core principles: libertarian paternalism and choice architecture. It is true that the phrase libertarian paternalism sounds like an oxymoron, but according to our definition it is not. By paternalism we mean choosing actions that are intended to make the affected parties better of as defend by themselves. More specifically, the idea is to help people make the choice they would select if they were fully informed and in what George Loewenstein (1996) calls a "cold state", meaning unaffected by arousal or temptation. (For instance, we ask you today how many cashews you would like to eat during cocktails tomorrow.) Of course, deciding what choices satisfy this definition can be difficult, but the concept should be clear in principle. The word libertarian is used as an adjective to modify the word paternalism, and it simply means that no one is ever forced to do anything. Choice architecture is the environment in which people make decisions. Anyone who constructs that environment is**

a choice architect. Menus are the choice architecture of restaurants, and the user interface is the choice architecture of smart phones. Features of the choice architecture that influence the decisions people make without changing either objective payoffs or incentives are called nudges.

– Richard H. Thaler (Nobel Prize Lecture)

પ્રશ્ન-13. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

૧૩.૧ રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૩.૧.૧ ચટી જવું

૧૩.૧.૨ તરણું લેવું

૧૩.૨ : કહેવતોનો અર્થ સમજાવો.

૧૩.૨.૧ જાત વિના ભાત પડે નહિ

૧૩.૨.૨ રખપત તો સખપત

૧૩.૩ : સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૩.૩.૧ વ્યવહારકુશળ

૧૩.૩.૨ ત્રિભુવન

૧૩.૪ : પંક્તિઓના છંદ ઓળખાવો.

૧૩.૪.૧ ઠરી મારી આંખો, કબીરવડ તું ને નીરખીને

૧૩.૪.૨ કાર્ય સાધવું નહિ તો મરવું, શૂરવીરની એ છે રીત.

૧૩.૫ : અલંકાર ઓળખાવો.

૧૩.૫.૧ ડામર ડમરો થઈને મહેકે

૧૩.૫.૨ આલિંગે વલ્લરી તરુવરને! .

૧૩.૬ : શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

૧૩.૬.૧ જેને ઢાંકેલું નથી તે

૧૩.૬.૨ જ્યાં પહોંચી ન શકાય તેવું

૧૩.૭ : શબ્દોની જોડણી સુધારો.

૧૩.૭.૧ નીવીસ્ટ

૧૩.૭.૨ ઝીંદાદીલી

૧૩.૮ : વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો.

૧૩.૮.૧ આ નીર્ણાયક ઘટક અને નીર્ણિત ઘટક વચ્ચેનો સંબધ વીન્યાસક્રમી કહેવાય છે.

૧૩.૮.૨ અંગસીદ્ધિને એવા સકુલ રુપ સાથે નિસ્બત છે કે જે રૂપાત્મક તેમ જ અર્થાત્મક બંને રીતે પૃથક્કરણિય હોય.

૧૩.૯ : શબ્દોની સંધિ જોડો અને છોડો.

૧૩.૯.૧ સંધિ જોડો – નૌ + ઇક

૧૩.૯.૨ સંધિ છોડો – નિષ્ફળ

૧૩.૧૦ : વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

૧૩.૧૦.૧ વિધાન વાક્યમાંથી ઉદગાર વાક્ય બનાવો – તેની ત્રાડ અત્યંત ભયંકર છે.

૧૩.૧૦.૨ વિધાન વાક્યમાંથી પ્રશ્ન વાક્ય બનાવો – દેવોને પણ ઘણી દુર્દશા છે.

**Subject Code : ASM-2**

**Time : 3 Hours** **Max. Marks : 150**

**1.** **Write an essay on any ONE of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.**

**I. "India lives in her villages," wrote Mahatma Gandhi in 1925. Analyze the saga of India moving out of its villages.**

**II. The measure of true potential depends on the number of golden moments we create in a lifetime.**

**III. Tokyo Paralympics: Journeys of "ability beyond disability".**

**IV. Skilling the Youth of India.**

**V. Are we becoming too dependent on technology?**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

**2.** **Imagine you are an Account Officer in the Audit branch in your office. Your office is facing an issue of delay in response and non-compliance by various government offices pertaining to the audit objections raised by your office team which had audited such government offices. Your senior officer has sought your opinion about the needful actions to be taken to address the said issue. Write a letter, in about 150 words, to your senior officer suggesting necessary measures.**

**3.** **As a District Magistrate draft a Press Appeal in about 150 words asking the citizens to take precautionary measures to prevent water-borne diseases which are widespread in your area.**

**4.** **Write a report in about 150 words regarding the survey carried out by your team in a hilly tribal area regarding the financial inclusion UNDER JAN-DHAN YOJANA.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

**5.** **Reflect on the following picture with meaningful observations in about 150 words.**



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**6.** **The Finance Department of the state has organized a series of statewide training sessions for the Account Officers regarding the implementation of a new software program which would not only be an effective and efficient tool for audit and assessment but also offer transparency and objectivity in administration. Draft a formal inaugural speech, in about 150 words, to be delivered by the honorable Finance Minister who is the chief guest of the online inauguration function of the said training series.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

7. **Write a precis of the following passage in about one-third of its original length:**

Educational philosophy of any thinker grows from his philosophy of life. Educational philosophy is, thus, the reflection of the general philosophy of an individual. It cannot grow in isolation. It is unbelievable that a man has one philosophy for life and other for education. Vinoba's educational philosophy has grown out of his experiences in life. Moreover, Vinoba is not an educationist only. His activities are multifarious. His contribution to the economic uplift of the people, his efforts for uniting the hearts of the people, his contribution to the political field, social work, literature, crafts, etc., are all governed by a single philosophy of life. To Vinoba, mind, speech, and deed should be in unison. Thus, it is worthwhile to know, his general philosophy of life and see how deep its impact is on his educational philosophy.

VInoba stands for the recognition of universal unity and sanctity of all living beings. He emphasizes that, Godliness includes Truth, Love and Compassion. He has faith in the continuity of life after death and that, salvation can be attained only on the basis of the removal of feeling of 'I' and ’mine'.

To him, Truth is indescribable but eternal and it may vary from person to person according to one's talents and basis. Regarding knowledge, he emphasizes the depth rather than length and breadth and expects that knowledge should be related to spiritualism. He stands for the co-ordination of science and spiritualism for human progress and betterment. Science would lead to the development of scientific tendency and together with spiritualism, it would help in bringing about a basic change, in the constitution of mode of thought of the people, for the total revolution in the social life of the people. Regarding the method of acquiring knowledge, he advocates meditation and introspection so that, mastery over soul becomes possible.

8. **Read the following passage carefully and answer the questions that follow:**

The National Institute of Oceanography in Goa has developed a real-time reporting and Internet-accessible coastal sea-level monitoring system and it has been operational at Verem jetty in the Mandovi estuary in Goa since 2005. The gauge uses a cellular modem to put on the Internet real-time sea-level data, which can be accessed by authorised personnel. By using a cellular phone network, coastal sea-level changes are continuously updated on to a web-server. The sea-level gauge website can be made available to television channels to broadcast real-time visualization of the coastal sea-level, particularly during oceanogenic hazards such as storm surges or a tsunami. A network of such gauges along the coast and the islands that lie on either side of the mainland would provide data to disaster management agencies to disseminate warnings to coastal communities and beach tourism centres.

The gauge incorporates a bottom pressure transducer as the sensing element. The sea unit of the gauge, which houses the pressure transducer, is mounted within a cylindrical protective housing. The gauge is powered by a battery, which is charged by solar panels. The pressure sensor located below the low-tide level measures the hydrostatic pressure of the overlying water layer. The microprocessor acquires the pressure data at the rate of two samples a second. The acquired pressure data is averaged over an interval of five minutes to remove high-frequency wind-waves that are superimposed on the lower frequency tidal cycle. This averaged data is recorded in a multimedia card.

Questions:

1. Which of the following statements is not true according to the passage?
   A. The average data is recorded on the floppy.
   B. The sensing element is incorporated in the gauge.
   C. The pressure sensor located below the low-tide level measures the hydrostatic pressure of the overlying water layer.
   D. None of the above
2. The microprocessor acquires the pressure data at the rate of ____ samples a second.
   A. two
   B. three
   C. four
   D. five
3. The acquired pressure data is averaged over an interval of five minutes to remove _______ frequency wind-waves that are superimposed on the _____ frequency tidal cycle.
   A. high / higher
   B. low / lower
   C. high / lower
   D. low / higher
4. The pressure sensor located ______ the low-tide level measures the hydrostatic pressure of the ________ water layer.
   A. above / overlying
   B. below /underlying
   C. above / underlying
   D. below /overlying
5. Which of the following words used in the passage means 'to circulate'?
   A. gauge
   B. disseminate
   C. mounted
   D. transduce
6. What has been developed by the National Institute of Oceanography in Goa?
7. For which purpose is the cellular modem used?
8. How are the coastal sea-level changes are continuously updated on to a web-server?
9. Why and when can the sea-level gauge website be made particularly available to television channels?
10. For which purpose is the data provided to disaster management agencies?
11. What does the gauge incorporate?
12. Where is the sea unit mounted?
13. What is the function of the solar panels?
14. Where has been the coastal sea-level monitoring system made operational?
15. Give a suitable title to the passage

9. **Translate the following passage from Gujarati into English.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કારપરંપરાઓ પ્રજાને એકતંતુએ જોડી રાખે છે. માન્યતાઓ અને રીતિરિવાજો સમયના બદલાવા સાથે વલણોમાં પણ પરિવર્તન લાવે છે. યંત્રયુગના આજના સમયમાં આવાં પરિવર્તનો ઝડપી હોવાનાં. આવા કાળમાં સમગ્ર દેશને, દેશની પ્રજાને એકસૂત્રમાં પરોવી રાખવાનાં પરિબળો ઘટતાં જાય એમ પણ બને. જ્યાં વિવિધ ધર્મ, સમાજ, જાતિ અને વર્ગના લોકો વસે છે એવા આપણા ભારત દેશમાં એકતાની ભાવનાને અખંડ રાખનારાં પરિબળો સાબદાં રાખવા જરૂરી છે.

ભૂતકાળમાં રાજાઓએ યુધ્ધો ખેલ્યાં હતાં ત્યારે પ્રજામાં મહાન ભારતભૂમિની ભરપૂર લાગણી હતી, બલકે એ દેશદાઝના બળે લોકો માતૃભૂમિની રક્ષા કરતાં મરીફીટવા પણ તૈયાર રહેતા. આપણી એ દેશભાવના અને શૌર્યએ જ આપણને ટકાવી રાખ્યા હતા. આપણાં પુરાણોમાં જીવનકલ્યાણ માટે જીવનસંઘર્ષની વાતો આવે છે, એમાં જીવનદર્શન પણ ભરપૂર છે. આપણે ત્યાં અલગ પ્રદેશો, અલગ ભાષાઓ અને અલગ ધર્મની પ્રજાઓ ભલે વસતી હોય, આપણી જીવનપરંપરાઓ તો પેલાં પુરાણોએ ચીંધેલા માર્ગે જ ચાલે છે. એ કલ્યાણકામના ચિંતનને આપણે 'ભારતીયતા'ને નામે ઓળખીએ છીએ.

10. **Do as directed: (20 x 1 = 20)**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 20

**Choose the correct answer from the given options and darken the circle (●) as well as write the correct answer in the bracket ( CAPITAL LETTER) as per the sample given below.**

**Sample Answer.: ( C ) (A) ¨ (B) ¨ (C) ● (D) ¨ (E) ¨**

1. It _____ that, by 2050, world population _____ twice as much as it is now.
   - A. appeared / would have been rising
   - B. appears / will have risen
   - C. has appeared / will be rising
   - D. would appear / has risen
   - E. will appear / would rise

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

2. Stone _____, and so the tools of long ago have remained when even the bones of the men who made them _____ without trace.
   - A. didn't decay / disappeared
   - B. wouldn't decay / disappear
   - C. doesn't decay / have disappeared
   - D. won't decay / had disappeared
   - E. didn't decay / have disappeared

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

3. The practice of working woman _____ so widespread that the working mother _____ now not an unusual factor in the world.
   - A. becomes / was
   - B. became / is
   - C. had become / is
   - D. has become / is
   - E. became / was

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

4. The doctor advised the patient not to eat rice. (Change the voice)
   A. The patient was advised by the doctor not to eat rice.
   B. The patient was advised by the doctor that he should not eat rice.
   C. The patient was being advised by the doctor that he should not rice by the doctor.
   D. The patient has been advised not to eat rice by the doctor.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

5. A child could not have done this mistake. (Change the voice)
   A. This mischief could not be done by a child.
   B. This mischief could not been done by a child.
   C. This mischief could not have been done by a child.
   D. This mischief a child could not have been done.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

6. She asked me, "Did you see the Cricket match on television last night?" (Change the narration)
   A. She asked me whether I saw the Cricket match on television the earlier night.
   B. She asked me whether I had seen the Cricket match on television the earlier night.
   C. She asked me did I see the Cricket match on television the last night.
   D. She asked me whether I had seen the Cricket match on television the last night.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

7. She asked him, "Are you going to visit the Statue of Unity?" (Change the narration)
   A. She asked him if he is going to visit the Statue of Unity.
   B. She asked him if he had visited the Statue of Unity.
   C. She asked him if had gone to the Statue of Unity.
   D. She asked him if he was going to visit the Statue of Unity.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

8. The oranges are too cheap to be good. (Transform the given sentence by removing 'too'.)
   A. The oranges are cheap and good.
   B. The oranges are cheap as well as good.
   C. The oranges are very cheap good.
   D. The oranges are so cheap that they cannot be good.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

9. That chocolate is not as sweet as this one. (Transform the given sentence into comparative.)
   A. The chocolates vary in their sweetness.
   B. This chocolate is sweeter than that chocolate.
   C. This chocolate is not sweeter than that chocolate.
   D. This chocolate is sweeter than that one.
   E. None of the above

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

10. As the number of students attending the universities ____, most employers ____ for higher and higher qualifications from new employees.
   A. is increasing / are asking
   B. are increasing / will ask
   C. increase / is asking
   D. have increased / have asked
   E. increased / has asked

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

11. He is __________ real American hero. I haven't seen him in __________ five years.
   A. an / the
   B. an / no article
   C. a / the
   D. a / no article
   E. no article / no article

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

12. You can get there by bus or ____ foot.
   A. on
   B. by
   C. with
   D. in
   E. at

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

13. His application letter was filled _____ spelling mistakes.
   A. in
   B. with
   C. for
   D. by
   E. of

   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

14. In the USA, slavery was _____ after a very long and disgraceful period.
   A. taken up
   B. done away with
   C. run across
   D. sorted out
   E. torn up
   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

15. By bringing up an unrelated matter, you are not being _____ with your previous statement that we should stick to the topic.
   A. hostile
   B. vacant
   C. timid
   D. edible
   E. consistent
   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

16. The robber <u>took to his heels</u> when the police arrived. (Select the correct meaning of the underlined idiomatic expression)
   A. opened fire
   B. hid himself
   C. ran off
   D. surrendered
   E. None of the above
   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

17. The popularity of yesterday's superstar is <u>on the wane</u>. (Select the correct meaning of the underlined idiomatic expression)
   A. at its peak
   B. at rock bottom
   C. growing more
   D. growing less
   E. as it is
   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

18. Select the correct synonym of the word 'Recuperate'.
   A. Rehabilitate
   B. Recover
   C. Reimburse
   D. Relocate
   E. None of the above
   Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

19. Select the correct antonym of the word 'Stringent'.

    A. General
    B. Vehement
    C. Lenient
    D. Magnanimous
    E. None of the above

    Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

20. Select the correct one-word substitution for 'a broad road bordered with trees.'

    A. Boudoir
    B. Avenue
    C. Boulevard
    D. Façade
    E. None of the above

    Ans.: ( ) (A) ¨ (B) ¨ (C) ¨ (D) ¨ (E) ¨

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

## Subject Code : ASM-3

### પ્રશ્નપત્ર-3 : સામાન્ય અભ્યાસ (મુખ્ય પરીક્ષા)

### Paper-3: General Studies (Main Examination)

કુલ ગુણ : 200 સમય :3 કલાક

Total Marks : 200 Time : 3 Hours

વિભાગ-A

1. પ્રશ્નક્રમાંક 1 થી 10
2. બધાંજ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 100 થી 120 શબ્દોમાં લખવાનાં છે.

**SECTION-A**

1. **Question No. 1 to 10**
2. **Attempt all 10 questions.**
3. **Each question carries 10 marks.**
4. **Answer should be given approximately in 100 to 120 words.**

પ્ર.-1. બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં બૌદ્ધ સંગીતિઓ (સભાઓ)ના પ્રદાનનું મૂલ્યાંકન કરો.

Q.-1. **Assess the contribution of the Buddhist councils in the history of Buddhism.**

પ્ર.-2. ‘‘તમે મને લોહી આપો અને હું તમને સ્વતંત્રતા આપીશ.’’ ભારતની સ્વતંત્રતાની લડતમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ એક અવિસ્મરણીય પ્રકરણ છે. ચર્ચા કરો.

Q.-2. **“Give me blood and I will give you freedom.” Netaji Subhas Chandra Bose is an unforgettable chapter in the freedom struggle of India – Discuss.**

પ્ર.-3. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની વારલી ચિત્રકળા વિશે નોંધ લખો.

Q.-3. **Write a note on the Warli painting of the tribals of south Gujarat.**

પ્ર.-4. ગુજરાતના લોકસાહિત્યનું સ્વરૂપ અને ભાષા વૈભવ તેની સાંસ્કૃતિક સમૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે. ચર્ચા કરો.

Q.-4. **The form and language splendor of the folk literature of Gujarat reflects its cultural affluence – Discuss.**

પ્ર.-5. તૃતીયક અને ચતુર્થક આર્થિક પ્રવૃત્તિઓ વચ્ચેનો ભેદ સમજાવી ચતુર્થક આર્થિક પ્રવૃત્તિઓની વૃદ્ધિની માહિતી આપો.

Q.-5. **Explain the difference between the Tertiary and Quaternary activities and give information of the growth of Quaternary activities.**

પ્ર.-6. ‘‘ગ્રીન હાઈડ્રોજન’’ સમજાવો. રોજીંદા જીવનમાં ‘‘ગ્રીન હાઈડ્રોજન’’ના વપરાશની ચર્ચા કરો.

Q.-6. **Explain “Green Hydrogen.” Discuss the usage of “Green Hydrogen” in day-to-day life.**

પ્ર.-7. ભારતનું બંધારણ નાણાં પંચની ભારતમા રાજકોષીય સંઘવાદના સંતુલન ચક્ર તરીકેની કલ્પના કરે છે. ચર્ચા કરો.

Q.-7. **The Constitution of India envisages the Finance Commission as the balancing wheel of Fiscal Federalism in India – Discuss.**

પ્ર.-8. ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ "100 દિવસીય યોજના"ની વિશેષતાઓ જણાવો.

**Q.-8. Mention the highlights of the recently announced "100 Days Plan" for the Civil Aviation sector of India by the Central Government.**

પ્ર.-9. ગ્રામીણ વિકાસના પડકારો જણાવો અને તે માટેની સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી કોઈપણ બે નીતિઓ/યોજનાઓ સમજાવો.

**Q.-9. Mention the major challanges of rural development and explain any two policies/ schemes implemented by government for it.**

પ્ર.-10. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો) દ્વારા વિકસાવવામાં આવેલાં પ્રક્ષેપકો (launchers) અથવા પ્રક્ષેપક રોકેટ (launch vehicles) પર નોંધ લખો.

**Q.-10. Write a note on launchers or launch vehicles developed by Indian Space Research Organisation (ISRO).**

## વિભાગ-B

1. પ્રશ્નક્રમાંક 11 થી 15.
2. બધાંજ 5 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 20 ગુણ છે.
4. જવાબ આશરે 200 થી 250 શબ્દોમાં લખવાનાં છે

## SECTION-B

1. **Question No. 11 to 15**
2. **Attempt all 5 questions**
3. **Each question carries 20 marks**
4. **Answer should be given approximately in 200 to 250 words.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

પ્ર.-11. ચંપારણ સત્યાગ્રહના કારણો, વ્યૂહરચના અને ફળશ્રુતિની વિગતવાર ચર્ચા કરો.

**Q.-11. Discuss in detail the causes, strategy and outcome of Champaran Satyagraha.**

પ્ર.-12. ટકાઉ વનીકરણ એટલે શું ? સાંપ્રત સમયમાં તેની અગત્યતા સમજાવો.

**Q.-12. What is sustainable forestry ? Explain its importance in current times.**

પ્ર.-13. ભારતમાં 1991માં મુક્ત અર્થવ્યવસ્થા તરફ જવા માટે કરવામાં આવેલાં આર્થિક સુધારાઓની સાનુકૂળ તેમજ પ્રતિકૂળ અસરો સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં સમજાવો.

**Q.-13. Explain in the current perspective the favourable and adverse impacts of the economic reforms made for moving towards the free economy in India in 1991.**

પ્ર.-14. અંદાજપત્રમાં એકત્રિત ફંડ ખાતે "ઉધારેલું ખર્ચ" અને એકત્રિત ફંડમાંથી "કરવામાં આવતો ખર્ચ" – એ બંને અલગ બાબતો છે. જોગવાઈઓ અને ઉદાહરણોસહ સમજાવો.

**Q.-14. In budget "Expenditure charged upon" the Consolidated Fund and "Expenditure made from" the Consolidated Fund are two different things – Explain with provisions and examples.**

પ્ર.-15. તાજેતરમાં ભારત સરકારે ટેલીકોમ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે સુધારાઓ દાખલ કર્યા છે. આ સુધારાઓની વિશેષતાઓ અને મહત્વની ચર્ચા કરો.

**Q.-15. The Government of India recently introduced reforms to revive the telecom sector – Discuss the highlights and significance of these reforms.**

**Subject Code : ASM-4**

**Paper-4: Accountancy and Auditing-1 (Main Examination)**

કુલ ગુણ : 200 સમય :3 કલાક

Total Marks : 200 Time : 3 Hours

વિભાગ-A

1. પ્રશ્નક્રમાંક 1 થી 10.
2. બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 100 થી 120 શબ્દોમાં લખવાના છે.

**SECTION-A**

1. **Question No. 1 to 10.**
2. **Attempt all 10 questions.**
3. **Each question carries 10 marks.**
4. **Answer should be given approximately in 100 to 120 words.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર.-1. ''ભારતમાં હિસાબી ધોરણોનો અમલ એ સમય અને નાણાંનો ગુનાહિત બગાડ છે''- આ વિધાનની વિવેચનાત્મક ચર્ચા કરો.

Q.-1. **"Implementation of Accounting Standards in India is a criminal waste of time and money"– Critically examine the statement.**

પ્ર.-2. ''વૉલ્ટરના ડિવિડન્ડ મોડેલ અને ગોર્ડનના ડિવિડન્ડ મોડેલ વચ્ચે મૂળભૂત કોઈ તફાવત નથી.'' – સમજાવો.

Q.-2. **"There is no basic difference between Walter's Dividend Model and Gordon's Dividend Model." – Explain.**

પ્ર.-3. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની ભૂમિકાની વિગતવાર ચર્ચા કરો.

Q.-3. **Discuss in detail the role of Comptroller and Auditor General of India.**

પ્ર.-4. ''ભંડોળપ્રવાહપત્રક એ આવકના પત્રક કરતાં વધુ સારો વિકલ્પ છે.''- સમજાવો .

Q.-4. **"A Funds Flow Statement is a better substitute for an Income Statement." – Discuss.**

પ્ર.-5. એવા પાંચ ઉદાહરણો જણાવો કે જ્યાં અગાઉના વર્ષની આવક આકારણી વર્ષના બદલે અગાઉના વર્ષમાં જ આકારણીપાત્ર હોય.

Q.-5. **State any five instances where the income of the previous year is assessable in the previous year itself instead of the assessment year.**

પ્ર.-6. ''કાચું સરવૈયું એ હિસાબી ચોપડાની ચોકસાઈનો ફક્ત પ્રથમદર્શિય પુરાવો છે.'' ટિપ્પણી કરો.

Q.-6. **"A Trial Balance is only prima facie evidence of the accuracy of the books of accounts.'' – Comment.**

પ્ર.-7. બૅન્કિંગ કંપનીના વાર્ષિક હિસાબો સંબંધિત કાયદાકીય જોગવાઈઓ સમજાવો.

Q.-7. **Explain the legal provisions relating to the final accounts of a banking company.**

પ્ર.-8. સંયોજનની 'હિતોના જોડાણની પદ્ધતિ' અને 'ખરીદ પદ્ધતિ' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

Q.-8. **Differentiate 'Pooling of interest method' and 'Purchase method' of accounting for amalgamation.**

પ્ર.-9. હિસાબી ખ્યાલો અને હિસાબી પ્રણાલિકા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

Q.-9. **Distinguish between Accounting Concepts and Accounting Conventions.**

પ્ર.-10. વિદેશી શાખાના કાચા સરવૈયાને મુખ્ય ઓફિસના ચલણમાં રુપાંતર કરવા માટેના નિયમો સમજાવો. આ રુપાંતરને પરિણામે ઉદ્ભવેલ તફાવત સાથે કેવી રીતે વ્યવહાર કરશો?

Q.-10. **State the rules for conversion of a foreign branch trial balance in the currency of the Head Office. How would you deal with the difference in exchange resulting on account of such conversion?**

વિભાગ-B

1. પ્રશ્નક્રમાંક 11 થી 15.
2. બધા જ 5 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 20 ગુણ છે.
4. જવાબ આશરે 200 થી 250 શબ્દોમાં લખવાના છે.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

**SECTION-B**

1. **Question No. 11 to 15**
2. **Attempt all 5 questions.**
3. **Each question carries 20 marks.**
4. **Answer should be given approximately in 200 to 250 words.**

પ્ર.-11. ''મૂડીમાળખાના સિદ્ધાંતો એ મૂડી પડતર અને પેઢીના મૂલ્ય વચ્ચેના સૈદ્ધાંતિક સંબંધો સમજાવે છે.'' આ વિધાનની વિવેચનાત્મક ચર્ચા કરો.

Q.-11. **"Capital Structure theories explain the theoretical relationship between cost of capital and the value of the firm." – Critically examine the statement.**

પ્ર.-12. ભાગીદારી પેઢીમાં ભાગીદારોના જીવન પર લીધેલ ''સંયુક્ત જીવન વીમા પોલિસી'' ની હિસાબી નોંધો કેવી રીતે થાય છે? વિગતવાર સમજાવો.

Q.-12. **How the arrangements regarding "Joint Life Policy" on the lives of the partners is recorded in the accounts of a partnership firm? Explain in detail.**

પ્ર.-13. કર આયોજન, કર ટાળવો અને કરચોરી વચ્ચેનો તફાવત યોગ્ય ઉદાહરણ દ્વારા સમજાવો.

Q.-13. **Differentiate between tax planning, tax avoidance and tax evasion with appropriate illustration.**

પ્ર.-14. કંપની ધારા 2013ની જોગવાઈઓ મુજબ ઓડિટરની નિમણૂક, દૂર કરવા, અધિકારો અને ફરજો ની ચર્ચા કરો.

Q.-14. **Discuss the provisions of appointment, removal, powers and duties of an auditor as per the Companies Act 2013.**

પ્ર.-15. ડિબેન્ચર પરત કરવા અંગેની વિવિધ પદ્ધતિઓ ઉદાહરણ સહિત સવિસ્તર સમજાવો.

Q.-15. **Describe the various methods for redemption of debentures with illustrations.**

**Subject Code : ASM – 5**

**Paper-5 Accountancy and Auditing-2 (Main Examination)**

કુલ ગુણ : 200 સમય :3 કલાક

Total Marks : 200 Time : 3 Hours

વિભાગ-A

1. પ્રશ્નક્રમાંક 1 થી 10.
2. બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 10 ગુણ છે.
4. જવાબ આશરે 100 થી 120 શબ્દોમાં લખવાના છે.

**SECTION-A**

1. **Question No. 1 to 10.**
2. **Attempt all 10 questions.**
3. **Each question carries 10 marks.**
4. **Answer should be given approximately in 100 to 120 words.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર.-1. "સંકલિત હિસાબી પદ્ધતિ એ બિન-સંકલિત હિસાબી પદ્ધતિ કરતા વધુ ચઢિયાતી છે"- વિધાન ચર્ચો.

Q.-1. **"Integrated Accounting System is far superior to Non-Integrated Accounting System" - Discuss the Statement.**

પ્ર.-2. ભારતમાં વસ્તુ અને સેવા કરના કાયદામાં આપેલ રાજ્ય વળતર સંરચનાની ચર્ચા કરો.

Q.-2. **Discuss the State Compensation Mechanism provided under GST Act in India.**

પ્ર.-3. "બેરોજગારી અને મંદીની સ્થિતિને રાજકોષીય નીતિઓના ઉપયોગ દ્વારા ઉકેલી શકાય છે "- શું તમે આ નિવેદન સાથે સહમત છો? તમારા જવાબને ન્યાય આપો.

Q.-3. **"Unemployment and recessionary trends can be solved through the use of Fiscal Policies"- Do you agree with this statement? Justify your answer.**

પ્ર.-4. નિયત સંબંધ વિશ્લેષણમાં સ્વતંત્ર ચલ અને આધારિત ચલ વચ્ચેનો સંબંધ રૈખિક હોય છે"- આ વિધાનને નિયત સંબંધ વિશ્લેષણની ધારણાઓના સંદર્ભે ચર્ચો.

Q.-4. **'In a Regression Analysis the relationship between independent variable and dependent variable is linear' – Discuss this statement with reference to Assumptions of Regression Analysis.**

પ્ર.-5. 'ઇલેક્ટ્રોનિક બેન્કિંગ માટેનું કાયદાકીય માળખું એ ભારતમાં ઈ-બેંકિંગ છેતરપિંડી અટકાવવાનું મુખ્ય હથિયાર છે'- વિધાન સમજાવો અને ભારતમાં ઈ-બેન્કિંગ માટેના વર્તમાન કાયદાકીય માળખા પર ચર્ચા કરો.

Q.-5. **'Legal framework for Electronic Banking is one of the major weapons of preventing e-banking frauds in India' – Explain the statement and discuss on existing legal framework for e - banking in India.**

પ્ર.-6. એક વ્યાપારિક પેઢીની મલાઈ મેળવવાની અને અંતઃ પ્રવેશી કિંમત નિર્ધારણ નીતિઓ વચ્ચે તફાવત સ્પષ્ટ કરો. એક પેઢી દ્વારા વિભિન્ન કિંમત નિર્ધારણ નીતિઓને અનુસરવાના કારણો શું છે?

Q.-6. **Distinguish between Skimming and Penetrating Pricing Policies of a business firm. What are the reasons for firms to follow different pricing policies?**

પ્ર.-7. શું તમે એવું માનો છો કે પડતર અંકુશ અને પડતર ઘટાડો એ એક સિક્કાની બે બાજુ છે? જરૂરી કારણો આપી તમારા ઉત્તરને વાજબી ઠેરવો.

Q.-7. **Do you think that Cost Control and Cost Reduction are two sides of one coin? Justify your answer with necessary reasons.**

પ્ર.-8. શું વસ્તુ અને સેવા કરમાં ઈ-વે બિલ તૈયાર કરવામાંથી કોઈને મુક્તિ છે?- સમજાવો.

**Q.-8. Is there any exemptions from generation of E-Way Bill in GST? Explain.**

પ્ર.-9. સુરેખ આયોજનના અવરોધકો અને તેની પાયાની જરૂરિયાતો સમજાવો.

**Q.-9. Explain the Constraints in Linear Programming and basic requirements of it.**

પ્ર.-10. 'સંભાવના નિદર્શનને સામાન્ય રીતે બિન-સંભાવના નિદર્શનની તુલનામાં અગ્રતા આપવામાં આવે છે.'- આ વિધાનને સરળ યાદચ્છિક નિદર્શની પસંદગીની પ્રક્રિયા સાથે સમજાવો.

**Q.-10. 'Probability sampling is generally preferred in comparison to non-probability sampling' – Explain the statement with procedure of selecting a simple random sample.**

## વિભાગ-B

1. પ્રશ્નક્રમાંક 11 થી 15.
2. બધા જ 5 પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના 20 ગુણ છે.
4. જવાબ આશરે 200 થી 250 શબ્દોમાં લખવાના છે.

## SECTION-B

1. **Question No. 11 to 15**
2. **Attempt all 5 questions.**
3. **Each question carries 20 marks.**
4. **Answer should be given approximately in 200 to 250 words.**

પ્ર.-11. 'પ્રમાણ પડતર પદ્ધતિ' અને 'અંદાજપત્રીય અંકુશ પદ્ધતિ' વચ્ચેનો તફાવત સમજાવો. કાર્યક્ષમ અંદાજપત્રીય અંકુશ પદ્ધતિની સ્થાપના માટે આવશ્યક જરૂરિયાતો કઈ છે?

**Q.-11. Distinguish between 'Standard Costing' and 'Budgetary Control'. What are the essential requirements for installing an efficient system of 'Budgetary Control'?**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 20 |

પ્ર.-12. આંતરિક વેરા શાખ એટલે શું? આંતરિક વેરા શાખનો લાભ મેળવવાની શરતો કઈ છે? આંતરિક વેરા શાખનો દાવો કરવા માટે કોણ લાયક છે? બેન્કિંગ કંપનીના સંદર્ભમાં આંતરિક વેરા શાખની વિશિષ્ટ જોગવાઈઓની ચર્ચા કરો.

**Q.-12. What is Input Tax Credit (ITC)? What are the conditions for availing ITC? Who is eligible to claim ITC? Discuss the special provisions for ITC in the case of banking company.**

પ્ર.-13. "ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) એ ભારતની સર્વોચ્ચ ઓડીટ સંસ્થાના વડા છે"- આ વિધાનને સમજાવો. ભારતના બંધારણમાં નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) સંબંધિત બંધારણીય જોગવાઈઓની ચર્ચા કરો.

**Q.-13. "The Comptroller and Auditor General of India (CAG) is the head of Supreme Audit Institution of India" – Explain this statement. Discuss on Constitutional Provisions related to CAG in the Constitution of India.**

પ્ર.-14. મૂડી પર્યાપ્તતા ગુણોત્તરને વ્યાખ્યાયિત કરો. વ્યાપારી બેન્કોના સંદર્ભમાં નરસિંહમ સમિતિ દ્વારા મૂડી પર્યાપ્તતાના સંદર્ભમાં આપેલ ભલામણો વિશે ચર્ચા કરો.

**Q.-14. Define Capital Adequacy Ratio. Discuss the recommendations of Narasimham Committee on Capital Adequacy measures with particular reference to Commercial Banks.**

પ્ર.-15. "ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈ એ એકબીજાથી જુદા છે"- આ વિધાનને સમજાવો. ઈજારાયુક્ત હરીફાઈ અંતર્ગત સમૂહ સંતુલનની અવધારણાની ચર્ચા કરો.

**Q.-15. "Monopoly and Monopolistic Competition are different from each other" – Explain the statement. Discuss the concept of Group Equilibrium under Monopolistic Competition.**